# આજે જિલ્લાના મંદિરોમાં કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે

## સ્વાધ્યાય પરીવાર દ્વારા મટકી ફોડના કાર્યક્રમો યોજાશે : રવિવારે નોમના દિવસે ભગવાન શ્રીકૃષ્ણને ભક્તો પારણે ઝુલાવશે

હિંમતનગર, તા. ૨૩

હિંદુ સમાજના પવિત્ર તહેવાર ગણાતા જન્માષ્ટમી પર્વની સાબરકાંઠા જિલ્લામાં શનિવારે ઉજવણી થશે. જે અંતર્ગત જિલ્લાના વિવિધ કૃષ્ણ મંદિરોમાં મટકીફોડ તથા ભજન સતસંગના કાર્યક્રમો યોજાશે અને કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયા બાદ ભક્તોને પંજરીનો પ્રસાર વહેંચાશે.

વર્ષોથી હિંદુ શાસ્ત્રોમાં ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ શ્રાવણ વદ આઠમના રોજ ઉજવાય છે. શાસ્ત્રોમાં જણાવાયા મુજબ હજારો વર્ષ અગાઉ ભગવાન શ્રીકૃષ્ણએ દ્વારકાની સોનાની નગરીમાં રહીને તેમના સખા સુદામાના હાથે તાંદુર (ચોખાના મમરા) આરોગ્યા હતા અને તેમની યાદમાં જન્મોત્સવ ઉજવાય છે.

જન્મોત્સવ બાદ જે પંજરીનો પ્રસાદ વહેંચવામાં આવે છે તે પાછળ આર્યુવેદ અને ચોમાસામાં શરીરની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે પંજરી બનાવવામાં ખાસ કરીને સુકા ધાણા, દળેલી ખાંડ તથા સપ્રમાણ જીરાનો ઉપયોગ કરવામાં આવે છે. જોકે આ તમામ વસ્તુઓ પાવડરના રૂપમાં હોય તો અને તેમાં પવિત્ર તુલસીના પાના નાખવાથી આ પ્રસાદ સ્વાસ્થ્ય માટે ગુણકારી હોય છે.

સનિવારે જન્માષ્ટમી હોવાથી હિંમતનગર સહીત સાબરકાંઠા જિલ્લામાં અન્ય સ્થળે કૃષ્ણ મંદિરોમાં ભક્તોની ભીડ જામશે. તથા આખો દિવસ અનેક લોકો શીવ મંદિરોમાં જઈને શ્રાવણ માસ હોવાથી ભગવાન ભોળાનાથની આરાધના કરી શીવલીંગ પર દૂધ અને બીલીપત્રનો અભિષેક કરશે. રાત્રે કૃષ્ણ મંદિરોમાં જન્મોત્સવ અગાઉ ભજન કિર્તન કરીને મધરાતે ૧૨ વાગ્યે ધામધૂમથી કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે. જિલ્લામાં અનેક ઠેકાણે સ્વાધ્યાય પરીવાર દ્વારા મંદિરોમાં અથવા તો ગામના ચોકમાં મટકી ફોડના કાર્યક્રમ યોજાશે.

જન્માષ્ટમી પૂર્ણ થયા બાદ રવિવારે નોમ નિમિત્તે ભક્તો દ્વારા મંદિરોમાં ભગવાન શ્રીકૃષ્ણને પારણામાં ઝુલાવી ધન્યતા અનુભવવામાં આવશે. તેમાંય ખાસ કરીને મહીલા મંડળો દ્વારા ભજનના કાર્યક્રમોનું આયોજન કરાશે.

તો બીજી તરફ શનિ-રવિની રજા હોવાને કારણે અનેક પરીવારો સહેલગાહ માટે નીકળી જશે. જોકે તહેવારો નિમિત્તે લોકો જે સ્થળે ફરવા માટે જાય છે ત્યાં પણ ભારે ભીડ રહેતી હોવાને કારણે આનંદ પ્રમોદ કરવા માટે ગયેલા કેટલાક પરીવારોને ખુબજ અગવડ વેઠવી પડે છે. તેમ છતાં લોકો જવાનું ચુકતા નથી.

# ડીસાના તબીબનું ગરીબ પ્રસૂતા અને નવજાતને જીવતદાન

## માનવતાવાદી તબીબે ફરી એકવાર ફરજ નિભાવી જાણી

ડીસાના એક માનવતાવાદી તબીબે જીવન અને મૃત્યુ વચ્ચે ઝોલા ખાતી ગરીબ પ્રસૂતા મહિલાનું વગર પૈસે ઓપરેશન અને નિદાન દ્વારા તેને અને તેના બાળકને જીવતદાન આપી તબીબી વ્યવસાયને વધુ એક વખત ગરિમા બક્ષી છે. રાજસ્થાન રાણીવાડા ખાતે રહેતા ૩૨ વર્ષીય ભીખીબેન વસનારામ ભીલને સુવાવડ હોવાથી તેને ધાનેરા ખાતે ખસેડવામાં આવી હતી.જ્યા તેને શરીરમાં રક્ત વહેતુ હોવાથી તેને ડીસા ખસેડવામાં આવી હતી. પરંતુ પરિવારની આર્થિક પરિસ્થિતિ



કમજોર હોવાથી ડીસા બે ત્રણ દવાખાને ફર્યા પણ પૈસાના અભાવે કોઈ દાખલ કરતું નહતું.જોકે હતાશ પરિવાર એક સજ્જને આંગળી ચીંધતા આ દર્દીને જાગૃતિ હોસ્પિટલ ખાતે ડો.રમેશ વારડેના ત્યાં લઈ ગયા હતા.અને તેમની આપવીતી અને હકીકત મામલે ડોક્ટરને વાકેફ કર્યા હતા.તેથી માનવતાવાદી ડોક્ટરે તત્કાલ મહિલાને હોસ્પિટલમાં દાખલ કરી હતી.પણ રઝળપાટ દરમ્યાન મહિલાના શરીરમાંથી ખૂબજ રક્ત વહી ગયું હોવાથી ડોકટરે તત્કાલ તેને વિકાસ લેબના સહયોગથી લોહીની બોટલો ચડાવી હતી.બાદમાં સિઝરીયનથી મહિલાને પુત્ર રત્ન અવતરતા પરિવારમા આનંદના તોરણ બંધાયા હતા ચાર દિવસ રહેલ આ મહિલાને ડોક્ટરે મફત દવા અને જમવાનો પણ પ્રંબન્ધ કર્યો હતો.

આજે મોંઘીદાટ સારવાર અને કથિત તબીબોનો અમાનવીય વ્યવહાર મીડિયામાં ચમકતા ભગવાન પછી બીજું રૂપ ગણાતા તબીબની ગરિમા ઝંખવાતી જાય છે પરંતુ આ તબીબે માનવ ધર્મ નિભાવી ફરી એક વાર સાબિત કર્યું છે કે ડોકટર ભગવાન પછી બીજો ધર્મ આજે પણ નિભાવે છે.





અમીરગઢ તાલુકાના વિરમપુરના ધર્મનગર પરામાં રહેતા હેમાણી ઉમાજી ધર્માજી ઉ.૬૧ આજે વહેલી સવારે કુદરતી હાજતે જતા હતા તે સમય અચાનક રિંછે હુમલો કરતા ઉમાજીએ બૂમાબુમ કરતા આજુબાજુના ખેતર માલિકો દોડી આવતા રિછ ભાગી ગયુ હતુ. ત્યાર બાદ ગંભીર રીતે ઘાયલ થયેલ ઉમાજીને સારવાર અર્થે વિરમપુરની સાહમૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા ત્યાર બાદ વધુ સારવાર અર્થ પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા આ ઘટનાની જાણ વન વિભાગને થતા વનકર્મીઓ પણ ઘટના સ્થળે દોડી તપાસ હાથ ધરી હતી. આ ઘટનાથી લોકોમાં ફફડાટ પ્રસરી ગયો હતો.

## પાલનપુરના મલાણા- આંત્રોલી જવા માટે

# વિદ્યાર્થીઓને દોઢ કલાકની તપસ્યા કરવી પડે છે

પાલનપુર કોલેજમાં અભ્યાસ કરતાં મલાણા, આંત્રોલી, રામપુરા સહિતના ગામડાના



છાત્રોને કોલેજ છુટ્યા બાદ બસ સ્ટેન્ડમાં દોઢ કલાક સુધી બેસી રહેવું પડે છે. જે બાદ બસ આવે છે. આ અંગે એન. એસ. યુ. આઈ દ્વારા ગુરૂવારે પાલનપુર એસ.ટી. કંટ્રોલરને રજૂઆત કરી હતી.

બનાસકાંઠા જીલ્લામાં ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમ દ્વારા ગ્રામિણ વિસ્તારોમાં બસોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. જોકે, ટાઈમ ટેબલના અભાવે બસોનો સમય જળવાતો ન હોવાથી ખાસ કરીને વિદ્યાર્થીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

જ્યાં પાલનપુર કોલેજમાં અભ્યાસ કરતાં મલાણા, આંત્રોલી, રામપુરા સહિતના ગામડાના છાત્રોને કોલેજ છુટ્યા બાદ બસ સ્ટેન્ડમાં દોઢ કલાક સુધી બેસી રહેવું પડે છે. જે બાદ બસ આવે છે. આ અંગે એન. એસ. યુ. આઈ દ્વારા ગુરૂવારે પાલનપુર એસ.ટી. કંટ્રોલરને રજૂઆત કરી હતી.



### ડીસામાં રોગ અટકાયતી પગલાં ભરવા નોટીસ

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં ગંદકી મુદ્દે મીડિયાની કાગારોળ બાદ અર્બન હેલ્થ સેન્ટર દ્વારા સર્વે કરાયો હતો. જેમાં સ્થિતિ ગંભીર જણાતા પાલિકાના ચીફ ઓફિસરને રોગ અટકાયતી પગલાં ભરવા નોટિસ પાઠવી છે. ડીસાના લોધાવાસ-રાજપુર સહિતના વિસ્તારોમાં પાલિકા દ્વારા સફાઈ થતી નથી તેથી પારાવાર ગંદકીના કારણે શહેર માથે રોગચાળાનો ખતરો મંડરાયો છે જેને લઈ મીડિયાએ કાગારોળ મચાવી હતી. તેથી હરકતમાં આવેલા અર્બન હેલ્થ સેન્ટરના સેનેટરી સ્ટાફ દ્વારા વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ સર્વે કરાયો હતો. જેમાં કન્સ્ટ્રકશન સાઈટો, શોપીંગ સેન્ટર, રોડ સાઇડની પાણીની ટાંકીઓ, લોધાવાસ, ગવાડી અને રાજપુરમાં ભંગાર તથા ટાયર પંચરની દુકાનોમાં એડિસ મચ્છરના બ્રિડિંગ સોર્સનું પ્રમાણ ચિંતાજનક હદે વધુ જણાયેલ. તેથી ચીફ ઓફિસરને નોટિસ પાઠવી બ્રિડિંગ સોર્સ સત્વરે હટાવવાની તાકીદ પણ કરી છે.

# વડગામ તાલુકાના સેંભર પાસેથી વિકૃત્ત હાલતમાં પુરુષનો મૃતદેહ મળતાં ચકચાર

વડગામ,

વડગામ તાલુકાના સેંભર ગોગ માહારાજના મંદિર નજીક આવેલા કોતરોમાં થી કોઈ અજાણ્યા પુરૂષની લાશ ફુગાઈ ને કોહવાઈ ગયેલી તેમજ ભારે દુર્ગંધ મારતી વિકૃત હાલતમાં મળી આવતાં વડગામ પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

વડગામ પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ સેંભર ગોગમાહારાજ ના ભોજનાલય ના પાછળ ના ભાગે આવેલા પર્વતના પાસેના કોતરોમાં થી કોઈ અજાણ્યા પુરૂષની લાશ ઉપરના ભાગેથી અડધી કોઇ જાનવરો દ્વાર ફાડી ખાધેલી તેમજ ફૂગાઈ ગયેલી હોવાથી લાશ ભારે દુર્ગંધ મારતી હોવાની મળી આવતાં પોલીસ ને પણ ઓળખ માટે અવઢવમાં મુકાયા તેવી સ્થિતિ ઉભી થઈ છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સેંભર નજીક કોઈ પુરુષ ની લાશ પડી હોવાનું જંગલમાં ઢોર ચરાવવા જતા લોકો દ્વારા રામજીભાઈ શામજીભાઈ ચૌધરીને કરતાં રામજીભાઈ દ્વારા વડગામ પોલીસ ને જાણ કરાઈ હતી વડગામ પોલીસ દ્વારા ઘટનાસ્થળે પહોંચી તપાસ કરતાં લાશ કોહવાયેલી તેમજ ઉપરથી કોઈ જાનવરો દ્વારા ખવાયેલી હાલતમાં મળી આવી હતી આ લાશની નજીક ઝાડ ઉપર દોરી બાંધીલી જોવા મળી હતી જેથી ફોસો ખાધેલાનુ અનુમાન થઈ રહ્યું છે.લાશને ઉપરથી કોઈ જાનવરો દ્વારા ખાધેલી હાલતમાં તેમજ ભારે દુર્ગંધ મારતી કોહવાયેલી સ્થિત માં મળી આવતાં ખળભળાટ મચી ગયો છે પોલીસ દ્વારા લાશને વડગામ સી.એચ.સી માં પીએમ માટે લાવવામાં આવી છે.

# જાલીયાનો સગીર તળાવમાં ડૂબી જતા મોત

મોડાસા, તા. ૨૩

મોડાસા તાલુકાના જાલીયા ગામના ૧૦થી ૧૨ યુવક મિત્રો નજીક ડુંગરની તળેટીઓમાં આવેલા ભિલોડા તાલુકાના વાગોદરા ગામ નજીક આવેલા તળાવમાં નાહવા જતા ૧૪ વર્ષીય સગીર તળાવમાં અકસ્માતે ડૂબી જતા નાહવા ગયેલા સાથી મિત્રો ગભરાઈ જતા ચુપચાપ ઘરે આવી જતા રાત્રીના સુમારે પરીવારજનો પુત્રને શોધવા નીકળતા તેના મિત્રએ જણાવતા માતાના માથે આભ તૂટી પડ્યું હતું. ગ્રામજનો તાબડતોડ વાગોદરા ગામ નજીક આવેલા તળાવમાં સ્થાનિક તરવૈયાઓ સાથે પહોંચી શોધખોળ આદરી હતી. વહીવટી તંત્રને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી અંધારું હોવાથી હિંમતનગર ફાયર બ્રિગેડની ટીમ સાથે શોધખોળ હાથ ધરાતા મોડી રાત્રે સગીરનો મૃતદેહ મળી આવતા પોલીસે મૃતદેહને પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા તાલુકાના જાલીયા ગામે હર્ષદ રમણભાઈ રાવળ નામનો સગીર તળાવમાં ડૂબી મોત નિપજતા વિધવા માતાનો એકનો એક પુત્ર છીનવાતા ઘરનો કુળ દિપક બુજાતા ભારે આક્રંદ કરી મૂક્યું હતુ અને વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી.

ગુરૂવારે બપોરે જાલીયા



ગામના ૧૦થી ૧૨ મિત્રો નજીક વાગોદરા ગામ નજીક ડુંગર વચ્ચે આવેલા તળાવમાં નાહવા ગયા હતા જેમાં બોલુન્દ્રા હાઈસ્કૂલમાં ધો. ૯માં અભ્યાસ કરતો હર્ષદ રમણભાઈ રાવળ નામનો સગીર તળાવમાં ગરકાવ થઈ જતા અન્ય યુવકોમાં બુમરાણ મચી હતી. હર્ષદ ડૂબી જતા તમામ યુવકો ગભરાઈ ઉઠ્યા હતા અને બીકના માર્યા કોઈને પણ જાણ કરી ન હતી. સાંજ પડતા વિધવા માતા પુત્રને શોધવા નીકળતા હર્ષદના મિત્રએ સમગ્ર ઘટના અંગે જાણ કરતા ભારે ચકચાર મચી હતી. તાબડતોડ રાત્રીના અંધારામાં મોટી સંખ્યામાં સ્થાનિક તરવૈયાઓ સાથે પહોંચી શોધખોળ હાથ ધરી હતી. સગીર તળાવમાં ડૂબતા ભિલોડા ટીડીઓ સહીત કર્મચારીઓ અને પોલીસતંત્ર પણ ઘટનાસ્થળે ધસી આવ્યા હતા. હિંમતનગર ફાયર બ્રિગેડની ટીમના તરવૈયાને જાણ કરતા તળાવમાં પહોંચી ૬ કલાકની ભારે જહેમત બાદ સગીરનો મૃતદેહ શોધી કાઢ્યો હતો. પોલીસે મૃતક સગીરના મૃતદેહને પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




### ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ

ખેડબ્રહ્મા નગરપાલિકા અને એચ.ડી.એફ.સી. બેંકના સંયુક્ત ઉપક્રમે શહેરમાં પેટ્રોલ પમ્પથી સરદાર ચોક સુધી ડિવાઈડર ઉપર વૃક્ષ વાવી પાંજરા મુકવામાં આવ્યા હતા. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ ઝલકબેન પટેલ, ઉપપ્રમુખ અરવિંદભાઈ ઠક્કર, કારોબારી ચેરમેન ધર્મેન્દ્ર મહેતા અને બ્રીજેશ બારોટ સહિત સદસ્યો અને બેન્કના કર્મચારીઓ હાજર રહ્યા હતા.



### શામળાજી મંદિર રોશનથી ઝળહળી ઉઠ્યુ

અરવલ્લી ગિરિમાળાઓની વચ્ચે આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમાં દર વર્ષે કૃષ્ણ જન્મોત્સવની દબદબાભેર ઉજવણી કરવામાં આવે છે. મંદિરના ટ્રસ્ટીગણે ભગવાનના જન્મદિવસને યાદગાર બનાવવા તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. શામળાજી મંદિર અને પરિસરને ઝાકમઝાળ રોશનીથી શણગારી નયનરમ્ય બનાવી દીધું છે. શ્રદ્ધાળુઓ ભક્તો મંદિરનો નજારો જોઈ દંગ રહી જાય તે રીતે સજાવટ કરવામાં આવી છે.

# ભિલોડાની હાથમતી નદીમાં રિટાયર્ડ આર્મી જવાન ડૂબ્યો

ભિલોડા, તા. ૨૩

અરવલ્લી જીલ્લામાં નદીમાં અને તળાવોમાં ડૂબવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ભિલોડાના વાગોદરાના તળાવમાં સગીર ડૂબી જવાની ઘટનાના ૨૪ કલાકના સમયગાળામાં ભિલોડામાંથી પસાર થતી હાથમતી નદીમાં બુધરાસણ ગામનો અને ભિલોડાના ગોવિંદનગર વિસ્તારમાં રહેતો રિટાયર્ડ આર્મી જવાન અગમ્ય કારણોસર ડૂબી જતા ભારે ચકચાર મચી હતી. લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. ભિલોડા પોલીસ ઘટનાસ્થળે પહોંચી સ્થાનિક તરવૈયાઓની મદદથી રિટાયર્ડ આર્મી જવાનના મૃતદેહને શોધી કાઢી પીએમ માટે સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

હાથમતી નદી નજીક આવેલા ટીસ્કી સ્મશાનની બાજુમાં બુધરાસણ ગામનો રિટાયર્ડ ફોજી જવાન ડૂબી જતા પરિવારજનો અને ગ્રામજનોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. આર્મી જવાનનો મૃતદેહ બહાર કાઢતાની સાથે તેના



પરિવારજનોએ પોક મુકતા અને ભારે આક્રંદ કરી મૂક્યું હતું. આ સ્થળે અત્યાર સુધી અનેક લોકો હાથમતી નદીમાં ડૂબી મોતને ભેટતા તંત્ર દ્વારા આ સ્થળે નોટિસ બોર્ડ મુકવામાં આવેની માંગ કરી હતી.

બુધરાસણ ગામનો અને ભિલોડાના ગોવિંદનગર વિસ્તારમાં રહેતો નરસિંહભાઈ મનજીભાઈ પાંડોર નામનો નિવૃત આર્મી જવાન ભિલોડામાંથી પસાર થતી હાથમતી નદીમાં નાહવા માટે જતા ઉંડા પાણીમાં ડૂબી જતા નજીકમાં રહેલા અન્ય લોકો બચાવે તે પહેલા પાણીમાં ગરકાવ થઈ જતા હોહા મચી હતી. લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા. સ્થાનિક તરવૈયા નરેશ ચીમનભાઈ વાઘરી દોડી આવી હાથમતી નદીમાંથી મૃતક આર્મી જવાનના મૃતદેહને ભારે જહેમત બાદ બહાર કાઢ્યો હતો. પરિવારજનોની ઉપસ્થિતિમાં મૃતદેહ બહાર કાઢતા પરિવારજનોએ આક્રંદ કરી મૂક્યું હતું. ભિલોડા પોલીસે મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



### રાયગઢ ગામે સ્વાઈન ફ્લુના ઉકાળાનું વિતરણ

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં વાઈરલ ઈન્ફેક્શન અને મચ્છરજન્ય રોગચાળાએ ભારે માજા મૂકી છે વાઈરલ ઈન્ફેક્શનમાં લોકો પટકાઈ રહ્યા છે. રાયગઢ ગામે આવેલ સરકારી આયુર્વેદિક દવાખાનામાં આજથી ૫ દિવસ માટે ડૉ. વિમલબેન ડી. ચૌહાણ, ફાર્માસિસ્ટ અંકિત પંચાલ અને વિરોન્દ્રસિંહ ઝાલા દ્વારા ગામ લોકોને ઉકાળો બનાવી આપવામાં આવે છે. આ ઉકાળાથી સિઝનલ રોગ કાબુમાં આવે છે તો સ્વાઈન ફ્લુ જેવા રોગ પણ અટકે છે અને રોગ પ્રતિકારક શક્તિનો વધારો થાય છે તેવુ સરકારી ડોક્ટરે જણાવ્યુ હતુ. મોટી સંખ્યામાં નાના બાળકોથી લઈને વડીલો પણ ઉકાળો પીવા માટે ઉમટી રહ્યા છે. સરકારી આયુર્વેદિક દવાખાનામાં આ ઉકાળા વિતરણથી સ્થાનિકોમાં વાઈરલ ઈન્ફેક્શન અને સ્વાઈનફલુ સામે રક્ષણ મળવાનો આશાવાદ જોવા મળ્યો હતો.

# પાલનપુરમાં જુગાર રમતાં પાંચ શખ્સો ઝડપાયા

પાલનપુરની તિરૂપતિ સોસાયટીમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે એલસીબીની ટીમે બુધવારે રાત્રે ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં જુગાર રમતાં પાંચ શખ્સોને ઝડપી લીધા હતા. જેમની પાસેથી રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૩૫૬૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

બનાસકાંઠા જિલ્લા પોલીસવડા પ્રદિપ સેજુળની સૂચનાથી એલસીબી પીઆઈ પી. એલ. વાઘેલાએ પીએસઆઈ એ. એ. ચૌધરી તેમજ સ્ટાફના પ્રવિણસિંહ, નરેશભાઈ, દિગ્વિજયસિંહ, મહેશભાઈ, જયપાલસિંહ, રમેશભાઈ સાથે બાતમીના આધારે તિરૂપતિ સોસાયટીમાં છાપો માર્યો હતો. જ્યાં જુગાર રમતાં અમદાવાદ ઘાટલોડીયાના હીરાલાલ દીપચંદભાઈ ઠક્કર, અમદાવાદ વસ્ત્રાલના વિનિતભાઈ ચુનીલાલ ઠક્કર, પાલનપુર શુભમ એપાર્ટમેન્ટના રાજેશભાઈ શકરભાઈ ઠક્કર, નવીનભાઈ ભગવાનજી ઠક્કર અને મુંબઇ દાદર વેસ્ટના ભરતભાઈ ધનજીભાઈ ઠક્કરને ઝડપી લીધા હતા. જેમની પાસેથી રોકડ રૂપિયા ૩૪૧૦૦, રૂપિયા ૧૫૦૦ના મોબાઈલ ફોન નંગ-ત્રણ મળી કુલ રૂપિયા ૩૫૬૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અને તમામની સામે પશ્ચિમ પોલીસ મથકે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.